# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-07-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## PM મન કી બાત:

અવકાશમાં 17 દિવસ વિતાવ્યા બાદ, ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા આજે પૃથ્વી પર પાછા ફરશે. આ પહેલા ગઈકાલે સાંજે વિદાય સમારંભમાં, તેમણે 1984 માં ભારતના પ્રથમ અવકાશયાત્રી રાકેશ શર્મા દ્વારા આપવામાં આવેલા પ્રતિષ્ઠિત સંવાદનું પુનરાવર્તન કર્યું અને કહ્યું - ભારત આજે પણ સારે જહાં સે અચ્છા છે.

તેમણે કહ્યું- જ્યારે મેં 25 જૂને ફાલ્કન 9 રોકેટ પર આ યાત્રા શરૂ કરી હતી, ત્યારે મને નહોતું લાગતું કે આ યાત્રા આટલી અદ્ભુત હશે. મારી પાછળ ઉભી રહેલી ટીમ વિના આ યાત્રા આટલી અદ્ભુત ન હોત. અહીં આવવાનો ખૂબ આનંદ છે.

શુભાંશુએ કહ્યું કે છેલ્લા અઢી અઠવાડિયામાં, અમે સ્પેસ સ્ટેશન પર વિજ્ઞાન પ્રવૃત્તિઓ અને આઉટરીચ પ્રવૃત્તિઓ કરી. ત્યારબાદ, અમને જે પણ સમય મળ્યો, અમે સ્પેસ સ્ટેશનની બારીમાંથી પૃથ્વી તરફ જોયું છે.

---

## PM-રાજેન્દ્ર ચોલા:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે રાજરાજા ચોલ અને રાજેન્દ્ર ચોલનો વારસો ભારતની ઓળખ અને ગૌરવનો પર્યાય છે. શ્રી મોદીએ કહ્યું કે તેમની પ્રવૃત્તિઓ એક પવિત્ર પ્રયાસ સમાન છે અને "એક ભારત, શ્રેષ્ઠ ભારત"નું પ્રતીક છે. પ્રધાનમંત્રી ગઈકાલે તમિલનાડુના ગંગાઈકોંડા ચોલાપુરમ ખાતે સંસ્કૃતિ મંત્રાલય દ્વારા આયોજિત આદિ તિરુવતિરાય ઉત્સવના સમાપન સમારોહમાં સભાને સંબોધિત કરી રહ્યા હતા.

પ્રધાનમંત્રી મોદીએ ભારતના મહાન સમ્રાટોમાંના એક રાજેન્દ્ર ચોલા ના માનમાં એક સ્મારક સિક્કો પણ બહાર પાડ્યો હતો.

---

## માંડવિયા-ગુજરાત વિધાપીઠ:

કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ વ્યસનને સૌથી મોટી સમસ્યા ગણાવતા તેની સામે સૌને સાથે મળી લડવા અપીલ કરી. તેમણે પાયાના શિક્ષણને આત્મસાત કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો. અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠ ખાતે ગઈકાલે યોજાયેલા “ગુજરાત નઈ તાલીમ સંઘની સામાન્ય સભા, દ્વિ-વાર્ષિક સંમેલન અને રાજ્યકક્ષાની સંગોષ્ઠી” કાર્યક્રમમાં શ્રી માંડવિયાએ આ વાત કહી. તેમણે લોકોને સફળ થવા અંગે માર્ગદર્શન આપ્યું.

---

## ગુજરાત A.I. એક્શન પ્લાન :

રાજ્ય સરકારે ગુજરાતને દેશનું કૃત્રિમ બુદ્ધિમત્તા-A.I. એનેબલ્ડ ગવર્નન્સ લિડર એટલે કે, A.I. સક્ષમ શાસન આગેવાન બનાવવા A.I. અમલીકરણની કાર્યયોજનાને મંજૂરી આપી છે. રાજ્ય સરકારને અદ્યતન A.I. ક્ષમતાઓથી સજ્જ કરવા સમય સીમાની રૂપરેખા તરીકે આ કાર્યયોજના કામ કરશે. તેમજ સેવા વિતરણ, ઉત્તમ નાગરિક જીવનની સુનિશ્ચિતતા, જીવનમાં ગુણવત્તા વૃદ્ધિ સાથેની સમૃદ્ધ નવીનતાપૂર્ણ A.I. માળખાનું પણ સર્જન થશે.

---

## હમામાન:

બંગાળની ખાડીમાં સર્જાયેલી વરસાદી સિસ્ટમના પ્રભાવથી ઉત્તર અને મધ્ય ગુજરાતમાં અતિવૃષ્ટી જેવી સ્થિતિનું સર્જન થયું છે. છેલ્લા 24 કલાકમાં 30 જીલ્લાના 181 તાલુકામાં વરસાદ નોંધાયો છે.

રાજ્યમાં ગઈકાલ સુધી મોસમનો કુલ સરેરાશ વરસાદ 58 ટકા નોંધાયો છે જેમાં સૌથી વધુ કચ્છ વિસ્તારમાં 64 ટકા અને સૌથી ઓછો સૌરાષ્ટ્ર વિસ્તારમાં 54 ટકા જેટલો નોંધાયો છે.

જીલ્લામાં પણ પાંચ દિવસ હળવા-મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. દરમ્યાન ગઈકાલે વરસાદના વર્તારા વચ્ચે સવારથી જિલ્લાના મોટાભાગના વિસ્તારમાં ધાબડિયો માહોલ છવાયો હતો. છૂટાછવાયા છાંટાને બાદ કરતા કયાંય પણ નોંધપાત્ર વરસાદ વરસ્યાના અહેવાલ મળ્યા નથી. બીજી તરફ, માછીમારોને આગામી 31 જુલાઈ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

---

## શ્રાવણી પ્રથમ સોમવાર:

પવિત્ર શ્રાવણ માસના આજે પ્રથમ સોમવાર નિમિતે વિવિધ સ્થળોએ શ્રાવણી લોક મેળાનો આરંભ થશે. ભુજ નજીક જડેશ્વર મહાદેવના સ્થાનક સૂરલ ભીટ ખાતે આજે સવાર થી જ ભાવિકોની ભીડ જામી છે. આજે સાંજ થી દર સોમવાર અગિયારસ પૂનમ અને અમાસના પર્વ પ્રસંગે મેળા ભરાશે. ઘણા શિવ મંદિરોમાં આજે સાંજે મહાઆરતી શિવ સ્તુતિ સહિતના કાર્યક્રમો યોજાશે. શિવાલયોને રોશનીથી શણગારવામાં આવ્યા છે.

---

## ક્રિકેટ:

ભારતીય ટીમે ભારે સંઘર્ષ પછી ઇંગ્લેન્ડ સામેની ચોથી ટેસ્ટ અનિર્ણિત કરવામાં સફળતા મેળવી છે. માન્ચેસ્ટર ખાતેની મેચમાં ઇંગ્લેન્ડના 669 રનના સ્કોર સામે ભારતે બીજા દાવમાં પડકાર ઝીલી લઈ 4 વિકેટના ભોગે 425 રન કર્યા હતા. સુકાની શુભમન ગીલે 103 રન, રવિન્દ્ર જાડેજાએ 107 વોશિંગ્ટન સુંદરે 101 અને કે.એલ. રાહુલે 90 રન કર્યા હતા. ઇંગ્લેન્ડ બે વિરુદ્ધ એક મેચ સાથે સરસાઇ ધરાવે છે.

---